|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : **માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર**

**તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ** સવારે ૯ થી ૧૨.૩૦ ● **શ્રેણી : ૧૪** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 14)**

**પ્ર. : ૧. નીચેના પ્રશ્નોના જવાબ લખો :** (૧૦)

(ક) સાધુ - સાધ્વીજીને કેટલા પ્રકારની વસ્તુઓ વહોરાવી શકાય ? ફક્ત સંખ્યા લખો. ૫x૨
તેમાંથી કેટલી પાઢિયારી અને કેટલી અપાઢિયારી ? સંખ્યા લખો.

(ખ) પાઠ પૂર્તિ કરો : પગામ સિજ્જાએ .......... છપ્પઈ સંઘટ્ટાણાએ.

(ગ) <u>અર્ધમાગધી શબ્દ લખો :</u> (૧) ઘરેણાંની જાત અને સંખ્યાની મર્યાદા,
(૨) ઉતાવળથી લેવા વડે (૩) પ્રતિપૂર્ણ છે (૪) તે પ્રકારનો કોઈ પણ સ્પર્શ થાય.

(ઘ) પરિગ્રહ એટલે શું ? બાહ્ય તથા આભ્યાંતર પરિગ્રહના પ્રકાર કેટલા ? ફક્ત સંખ્યા લખો.

(ચ) અત્યારે જંબુદ્વીપમાં કેટલા તીર્થંકર બિરાજે છે ? ક્યાં બિરાજે છે ?
અને કઈ કઈ વિજયમાં ?

**પ્ર. : ૨. પુચ્છિંસ્સુણંના આધારે જવાબ લખો :** (૩૦)

**(ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સહિત લખો : (કોઈ પણ પાંચ)** ૨૦

| | | |
|---|---|---|
| ૧) ઉડ્ઢં અહેયં | ૪) સે પણ્ણયા | ૭) જહા સયંભુ |
| ૨) સે સવ્વદંસી | ૫) પુટ્ઠે નભે | ૮) દાણાણં સેટ્ઠં |
| ૩) પુચ્છિંસ્સુણં | ૬) ગિરીવરેવા | |

**(ખ)) નીચેના શબ્દોના અર્થ લખો :** ૪

| | | |
|---|---|---|
| અગારિણો | ભૂઇપણ્ણે | મહાભવોઘં |
| પેહિ | મહિંદા | સેટ્ઠે |
| વઈરોયણિંદે | સચ્ચેસુવા | |

**(ગ) કોઈ પણ એકનો જવાબ લખો :** ૨

(૧) પૃથ્વી જેમ સર્વને આધારભૂત છે તેમ શ્રી ભગવાન મહાવીર સર્વને
અધારભૂત હતા તે દર્શાવતી ફક્ત ગાથા લખો.

**અથવા**

(૧) પ્રભુ મહાવીર કેવું ધ્યાન ધરતા હતા તે દર્શાવતી ગાથા લખો.

**(ઘ)** શબ્દમાં, દાનમાં, તપમાં, સમુદ્રોમાં, વૃક્ષોમાં, ફૂલોમાં, ક્ષત્રિયોમાં, ૪
પક્ષીઓમાં શું શ્રેષ્ઠ છે તે લખો.

**પ્ર. : ૩. કાયસ્થિતિના થોકડાના આધારે જવાબ લખો :** (૩૦)

**(ક) નીચેના બોલોની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો (કોઈ પણ ૧૦)** ૧૦

| | |
|---|---|
| ૧) દેવી | ૭) સાસ્વાદન સમકિત |
| ૨) વનસ્પતિકાય | ૮) મનઃ પર્યવજ્ઞાન |
| ૩) પ્રત્યેક વનસ્પતિ | ૯) અવધિદર્શન |
| ૪) સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા | ૧૦) ભાષક |
| ૫) સૂક્ષ્મ વનસ્પતિકાય | ૧૧) અસંજ્ઞી |
| ૬) કાપોત લેશ્યા | ૧૨) પર્યાપ્તા |

(પાછળ જુઓ)

**(ખ) જવાબ લખો : કોઈ પણ <u>પાંચ</u> :** ૨૦

(૧) આ થોકડામાં કેટલા પ્રકારના કાળ બતાવ્યા છે ? દરેકના નામ ક્રમમાં લખો.

(૨) કયા જીવોની કાયસ્થિતિ અને ભવસ્થિતિ સરખી છે ? શા માટે ?
તેવા કોઈ પણ એક જીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ લખો.

(૩) આહારદ્વાર લખો.

(૪) જેની ઉ-સ્થિતિ સર્વકાળ છે, તેવા બોલના નામ લખો.
શા માટે તેમની સ્થિતિ સર્વકાળ છે ?

(૫) કાપોત લેશ્યા અને પદમલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ? કઈ અપેક્ષાથી ?

(૬) દર્શનદ્વાર લખો.

**પ્ર. : ૪. જવાબ લખો : કોઈ પણ ત્રણ (બાર તપના આધારે) :** ૩x૫ **(૧૫)**

(૧) અવકાલિક અનશન તપના કેટલા ભેદ છે ? કયા કયા ?
સુકોશલ મુનિએ કયું તપ કર્યું હતું ? સુદર્શન શેઠે કયું તપ કર્યું હતું ?

(૨) ભાવ ઉણોદરી તપ કેટલા અને કયા કયા પ્રકારે થાય ?
ઉણોદરી તપના કુલ કેટલા પ્રકાર - સંખ્યા લખો.

(૩) વિનય તપના કેટલા ભેદ ? કયા કયા ?
તે દરેકના પેટાવિભાગ મળીને વિનયતપના કુલ કેટલા ભેદ થાય ? - તે સંખ્યા લખો.

(૪) વ્યુત્સર્ગ એટલે શું ? ભાવ કાર્યોત્સર્ગના પ્રકાર લખો - ફક્ત નામ લખો.

(૫) સ્વાધ્યાય તપના બધા પ્રકારના ફક્ત નામ લખો.
- કાઉસ્સગ્ગના કુલ ભેદ કેટલા ? ફક્ત નામ લખો.
- ધર્મકથા કેટલા પ્રકારની છે ? તેના નામ લખો.

**પ્ર. : ૫. ભક્તામરના આધારે લખો :** **(૧૫)**

**(ક) નીચેની ગાથા ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ ત્રણ)**

૧) જ્ઞાનં યથા .......... કુલેડપિ ૩) સ્ત્રીણાં .......... જાલમ્
૨) ત્વામામનન્તિ .......... પન્થાઃ ૪) નાસ્તં .......... લોકે

**(ખ)** ભગવાન એક વિશિષ્ટ પ્રકારના દીપક છે તે બતાવતી ગાથા લખો.

**અથવા**

**ધર્મકથાના આધારે જવાબ લખો :** **(૧૫)**

**(ક) કોઈ પણ <u>ત્રણના</u> જવાબ આપો :** ૧૨

(૧) કેશીસ્વામીના શિષ્યોના મનમાં શું શંકા ઉત્પન્ન થઈ તે લખો-કોઈ પણ ૨ મુદ્દા લખો.

(૨) ગૌતમસ્વામી મનરૂપી દુષ્ટ અને સાહસિક ઘોડાને કઈ રીતે વશમાં રાખે છે ?

(૩) ગૌતમસ્વામીએ કષાયરૂપી અગ્નિને કેવી રીતે શાંત કરેલી છે.

(૪) કઈ લતા ભયંકર છે ? ગૌતમસ્વામી તેનાથી કઈ રીતે બચી ગયા છે ?

**(ખ)ફક્ત એક જ શબ્દમાં જવાબ આપો :** ૩

(૧) કેશીસ્વામી અને ગૌતમસ્વામી કયા ઉદ્યાનમાં મળ્યા હતા ? કઈ નગરીમાં મળ્યા હતા ?

(૨) બન્ને વચ્ચે કેટલા પ્રશ્નોની ચર્ચા-વિચારણા થઈ ? તેમાંથી સાતમો પ્રશ્ન કયો હતો ?

(૩) કેશીસ્વામીને કેટલા જ્ઞાન હતા ? કયા કયા ? ★

**"જય જિનેન્દ્ર"**